

સી.પી. બાળકોનો શાળા પ્રવેશોત્સવ



અંકુર શાળામાં યોજાયેલ સેમિનાર



યોગ - ડે ની ઊજવણી

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક



# કોશિશ થી કામયાબી

ઑગસ્ટ-૨૦૧૬, અંક નં. ૪૪



શ્રવણમંદ બાળકોનો શાળા પ્રવેશોત્સવ



સી.એ. - ડે ની ઊજવણી

હવે આપ વેબસાઇટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly ◆ Postage stamp in cash

# સ્વ. નરેન્દ્રભાઈ શેઠના આત્મશ્રેયાર્થે યોજાયેલ પ્રાર્થનાસભા




પી.એન.આર. સોસાયટી, કે. કે. અંધ ઉદ્યોગ શાળાના ટ્રસ્ટી અને સક્રિય કાર્યકર નરેન્દ્રભાઈ મનુભાઈ શેઠના તા.૨૮-૦૬-૨૦૧૬ના રોજ દુ:ખદ અવસાનથી સંસ્થા પરિવારના સૌ કોઈએ ઉંડા શોકની લાગણી અનુભવી હતી.

સ્વ. નરેન્દ્રભાઈ, તેમના પિતા સ્વ. મનુભાઈ શેઠની 'માનવ સેવા એજ પ્રભુ સેવા' ની કેડી પર ચાલતાં હતાં. તેઓ સરળ, નિખાલસ, નિરાભિમાની, ધર્મ પરાયણ અને સદાય હસતાં આનંદી સ્વભાવના હતાં. અંધ શાળાની કપરી પરિસ્થિતિમાં તેઓએ ટ્રેઝરર તરીકે કપરી કામગીરી બજાવી હતી. સંસ્થામાં આવતાં મહેમાનોની આગતા-સ્વાગતા માટે, સ્વ. નરેન્દ્રભાઈ હર હંમેશ હાજર રહેતાં. સંસ્થા માટે નાનું-મોટું દાન-ફંડ લઈ આવતાં અને વાદ-વિવાદ વગર, સર્વ સંમતિમા માનનારા હતાં. રોટરિયન તરીકે ભાવનગરની સેવા કરનાર, હાલ તેઓ ગ્રીનસિટિની પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપતાં હતાં.

સ્વ. નરેન્દ્રભાઈ, પોતાના પરિવારમાં, ધર્મ પત્નિ મીનાબેન, પુત્ર અમિતભાઈ, પુત્રી ભૂમિબેન તથા ભાઈ વિશાલભાઈને છોડી અરિહંત ચરણમાં ગયા છે, ત્યારે તેમના આત્મશ્રેયાર્થે યોજાયેલ પ્રાર્થના સભામાં, પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના કાર્યકરો-કર્મચારીઓ દ્વારા ભાવાંજલી અર્પણ કરવામાં આવી હતી. ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...



- પી. એન. આર. સોસાયટી
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા
- કે. કે. સ્કૂલ એન્ડ હોમ ફોર ધી બ્લાઈન્ડ
- "અંકુર" મંદબુધ્ધિવાળા બાળકોની શાળા
- એન. એ. બી. ભાવનગર જિલ્લા શાખા
- ભાવનગર નવજવાન સંઘના સર્વે બાળકો, કર્મચારીઓ, ભાઈઓ-બહેનો, કાર્યકતાઓ અને ટ્રસ્ટીગણના જય જીનેન્દ્ર

તા. ૨૮ / ૦૬ / ૨૦૧૬
સ્થળ :- મહાવિર ઓડિટોરિયમ, બહેરાં મૂંગા શાળા
ભાવનગર

## સ્વ. શ્રી નરેન્દ્રભાઈ શેઠની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ પ્લાસ્ટિક સર્જરી કેમ્પ

સ્વ. શ્રી નરેન્દ્રભાઈ શેઠની પુણ્યતિથિ નિમિત્તે, પી.એન.આર. હોસ્પિટલમાં તા.૧/૮/૧૬ થી ૪/૮/૧૬ સુધી, નિ:શુલ્ક પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૪૬ દર્દીઓની તપાસ કરવામાં આવી, તેમાંથી ૧૨ દર્દીઓના ઓપરેશન કરવામાં આવેલ હતાં. કપાયેલાં હોઠ, તાળવામાં કાંણું, વગેરેની જન્મજાત ખામી ધરાવતાં જરૂરિયાતમંદ બાળકોને તપાસીને નિદાન અને સારવાર, વિનામૂલ્યે કરી આપવામાં આવેલ. આ કેમ્પના ઉદ્‌ઘાટન સમારોહમાં દીપ પ્રાકટય શ્રી મીનાબેન શેઠ, વિશાલભાઈ, શ્રી ભોગીભાઈ, શ્રી બિપીનભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, ડૉ. નરેશભાઈ વાઘવા (પ્લાસ્ટિક સર્જન, મુંબઈ), શ્રી જયેશભાઈ શાહ (રીટાયર્ડ, ભાવનગર નાગરિક બેંક) દ્વારા કરાયેલ. શ્રી બાબાભાઈએ સ્વ. શ્રી નરેન્દ્રભાઈ સાથેના સંસ્મરણો વર્ણવ્યાં હતાં. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકર્તાઓ, શેઠ પરિવાર તથા આમંત્રિતો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહે તથા આભારવિધિ શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ.

# સ્વ. શ્રી નરેન્દ્રભાઈ શેઠ વિરલ વ્યકિતત્વ



# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- સર્વશ્રી નરેન્દ્રભાઈ શેઠ
  એક વિરલ વ્યક્તિત્વ . . . . . . . . . ૦૩
- તંત્રી લેખ. . . . . . . . . . . . . . . ૦૪
- CONTENTS AT A GLANCE . ૦૫
- એક પ્રજ્ઞાચક્ષુની શિક્ષણગાથા. . . . ૦૬
- વિકલાંગ પ્રવેશ સુવિધા
  દરેક બાંધકામમાં જરૂરી. . . . . . . ૦૬
- સી.પી. શાળાનો પ્રવેશોત્સવ . . . . ૦૭
- વિશિષ્ટ બાળકોના
  વિશિષ્ટ વાલીઓની સભા. . . . . . ૦૭
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . ૦૮
- પી.એન.આર. સોસાયટીના
  કર્મચારીઓના સંતાનોને તથા શ્રેષ્ઠ
  વ્યક્તિઓને સન્માનવાનો કાર્યક્રમ. . ૦૯
- શ્રદ્ધાંજલિ . . . . . . . . . . . . . ૧૦
- પાર્કિન્સન્સના દર્દીઓને
  ડૉ. ગુરુમુખાણી દ્વારા માર્ગદર્શન . . ૧૦
- ફેમિલી ફોરમ. . . . . . . . . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-
  ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૨
- અન્ય સંસ્થા સમાચાર . . . . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૬
- કોશિશ થી કામયાબી અપીલ. . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- કેનેડા પ્રવાસના સંસ્મરણો . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## 'લોકાયુકત એકટ'

'સૂકા સાથે લીલું બળે', તે વાતને સાર્થક કરતી સરકારની નીતિઓ, સરકારશ્રીની જાણમાં આવતી કેટલિક સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO)ની ગેરરીતિઓ, કોર્ટના આદેશોનું અનુચિત અર્થઘટન, આર.ટી.આઈ.નો નકારાત્મક ઉપયોગ; આ બધું જ સમાજ સેવા, પર્યાવરણ અથવા સામાજિક ચેતનાના ઉર્ધ્વગમનના ભગિરથ કાર્યને બ્રેક મારે છે, સારી NGO ને નાસિપાસ કરે છે, માણસો સારું કામ કરવાનું બંધ કરી દે છે. સાત્વિકતાના તરંગને, ભ્રષ્ટાચારની સુનામી વેર વિખેર ન કરે, કાયદાનું પાલન થાય; તે માટે સૌએ તત્પર રહેવું જરૂરી બને છે.

કોઈના માટે કાંઈક સારું કરી કરી શકવાની કોમળ ભાવનાને, **અંગદના પગ** જેવા મજબૂત આચારની જરૂર છે. **'લોકાયુકત એકટ'** આ જગ્યા લઈ શકે તેમ છે.

આપણે લોકાયુકત કાયદાને વાંચીએ-મનન કરીએ, ચર્ચીએ, અર્થઘટનોને સ્પષ્ટ કરીએ. આ આદેશના શાસનમાં રહેવા તાલિમબધ્ધ થઈએ. શાસકીય અને કાયદાકીય તજજ્ઞો સાથે મળીને, નકકી થયેલ કાર્યપધ્ધતિ બનાવીએ. **'સત્ય મેવ જયતે'** માં વિશ્વાસ રાખી સ્વાનુશાસિત થઈ, આપણાં લક્ષ તરફ આગળ વધીએ. વહિવટી અંધકારને ભેદવા, એક સત્યનો દીપક સક્ષમ હોય જ છે, એવા ભૂતકાળના અનુભવો છે. લોકાયુકત એકટ એંકદરે ખૂબ યોગ્ય છે. ચાલો આપણે નવું શિખવાની જીજ્ઞાસા સાથે અણિશુધ્ધ રહીને, સેવાક્ષેત્રોને ગૌરવાન્વિત કરીએ.

**✍ કિરીટ રાઠોડ**

Gravity keeps us down, but I flew here on an airplane. I lost my voice, but I can speak through a voice synthesizer. How do we transcend these limits? With our minds and our machines.


**- Stephen Hawking**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
  Postage stamp in cash
- અંક નં. ૪૪ : ઑગસ્ટ - ૨૦૧૬
- પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety@gmail.com
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  અનંત કે. શાહ
- સહતંત્રી
  કિરીટ રાઠોડ
- પ્રિન્ટિંગ
  અંબા ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિકસ એન્ડ ડિઝાઈન
  રાજેશ પટેલ
- સંપાદક મંડળ
  વૈશાલી યોગી
  વિશ્વા ભટ્ટ
  શશીકાંત વડિયા
  આરિફ જેઠવા
  નીતા રૈયા
  હિના મહેતા
  પારસ શાહ
  ભરત કનાડા
  મનસુખ સોરઠિયા



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

**A project entitled 'KUSUM REHABILITATION CENTER' has since been launched by the Institute**

✍ K. D. PADIA



### (1) UNFORTUNATE EXIT OF TRUSTEE SHRI NARENDRABHAI SHETH :

The 28th June, 2016 gave a terrible blow to the management of the PNR Society when Trustee Shri Narendrabhai Sheth took a heavenly abode creating irrepairable vacuum in visitors' reception. Like his father, late Shri Manubhai Sheth, he dedicated himself to the noble cause of disabled empowerment. Before being nominated as Trustee of PNR Society he served as Treasurer of the K. K. School and Home for the Blind for a long time. Besides PNR, he associated himself with social activities like Green City and other Trust-run health establishments. A prayer meeting was organized in his honour when rich tributes were paid.

### (2) VISIT OF DR. ALOKA GUHA :

Dr. Aloka Guha, ex-chairperson of National Trust of Government of India, specially raised for welfare and care of disabled, visited the first and only fully granted Nataraj Special School for Cerebral Palsy Children. While appreciating the work of this school, she found potential in manpower and leader, Principal Smt. Jigna Shah, to go forward for Inclusive Education, Reverse Integration of these children by establishing a normal primary school in the same campus where special school is situated. A meeting of Special Parents of disabled children was organized in which Dr. Guha spoke at length and ease the tension of parents.

### (3) WORKSHOP TO ENRICH SPECIAL TEACHERS' ACUMEN :

An educative workshop was organized by the management of the K. L. Institute for the Deaf during 25 – 26 July, 2016 for the benefit of Special Teachers of the School for language development process to be adopted for the deaf students. Smt. Varsha Bhagat, head of Education & Training Center of Navi – Mumbai Municipal Corporation was invited as guest speaker who gave an interesting discourse which was well-taken by the Special Teachers.

### (4) DIGITAL LITERACY CAMPAIGN :

On 30th June 2016, under auspices of CSC and Department of Electronics & Information Technology a training was organized as a part of Digital Literacy Campaign. A total number of 119 deaf children above the age of 14 years have been the beneficiaries.

### (5) KUSUM REHABILITATION CENTER :

Since last 33 years a training programme for mothers and guardians of the deaf children is run in the K. L. Institute for the Deaf. A project entitled 'Kusum Rehabilitation Center' has since been launched by the Institute. Under this project the very first achievement has been the inauguration of the second center at Nadiyad. The Project Chairperson Smt. Mridulaben Desai and the Project Co-ordinator Smt. Daxaben Savajiyani graced the event.

### (6) DEPOSING CENTER FOR DISABLED :

A unique initiative of PNR Society blessed by the District Court of Bhavnagar a Center was inaugurated at the hands of disabled in the premises of the court for facilitating disabled who are required to depose in the court for legal matters.

### (7) CRE PROGRAMME AND SEMINAR AT 'ANKUR' :

Ankur', as special school for Mentally Retarded Children organized Continuous Rehabilitation Education (CRE) Programme during 25 to 29 May, 2016. On 9th July, 2016 a seminar on Assessment & Evaluation was also organized. A total number of 30 teachers have been the beneficiaries.

### (8) OTHER IMPORTANT EVENTS :

Falicitations to staff who excelled in their education and field of work under family forum, important news for Divyangs, guidance to Parkinson's Patients by a local neurophysician Dr. Jayanti Gurumukhani, Polio treatment, prevention of disability programme, news of other institutions working for disabled, National Co-ordinators Meet, Praveshotsav of Schools, Celebration of World Yog Divas and Autism Day, Success story of a blind teacher, many other activities, etc. carried in this issue.

# એક પ્રજ્ઞાચક્ષુની શિક્ષણગાથા

**'મુકેશભાઈ આગવી શૈલીમાં બાળવાર્તા રજૂ કરે ત્યારે, બાળકો રસ તરબોળ થઈ જાય.'**

✍ **મેહુલકુમાર એલ. હરસોરા**
ગવ. હાઈસ્કૂલ, મથાવડા, તા. તળાજા

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહયું છે : **'કેળવણી એટલે જીવનની ખિલવણી, અને શિક્ષણ એટલે સદ્‌ગુણોનો સરવાળો'** વિદ્યાર્થીઓનું જીવન ઘડતર થાય તેવી પ્રવૃત્તિઓ કરીને, ઉપરોકત વિધાનને ચરિતાર્થ કરી રહયા છે; એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકવીર મુકેશ ધારૈયા.

શ્રી મુકેશકુમાર મંગાભાઈ ધારૈયાનો જન્મ, ભાવનગર જિલ્લાના, મહુવા તાલુકાના મોટા માલપરા ગામમાં થયો હતો. એકાદ વર્ષની ઉંમરે તેમને ઓરી નીકળતા, બંને આંખોની રોશની ગુમાવી. માતા-પિતા પર દુઃખના વાદળો ઘેરાયાં; પ્રબળ આત્મ વિશ્વાસના આધારે બાળકે પ્રાથમિક શિક્ષણ મોટા માલપરા, ને ગુંદરણા ખાતે લીધું, માધ્યમિક, ઉ.મા. શિક્ષણ, મહુવાની શેઠ એમ. એન. હાઈસ્કૂલમાં પૂર્ણ કર્યું. તેમનું મોટા ભાગનું શિક્ષણ, તેમની અનન્ય શ્રાવ્ય શકિતના આધારે, સામાન્ય વિદ્યાર્થીઓ સાથે જ પૂર્ણ થયું. પ્રત્યેક પરીક્ષા તેમણે ઉચ્ચ ટકાવારી સાથે જ પાસ કરી બતાવી. તેઓ ગુજરાતી વિષય સાથે સ્નાતક-અનુસ્નાતક થયાં. પોતાના ગામના સૌ પ્રથમ માસ્ટર ડિગ્રીધારી બનવાનું સન્માન ગૌરવ પ્રાપ્ત કર્યું. ભાવનગરની અંધ ઉદ્યોગ શાળામાં રહીને સંગીત, ને ઉદ્યોગનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.



તા.૨૦/૬/૨૦૦૦ના રોજ બનાસકાંઠા જિલ્લાના, વગડામ તાલુકાના જલોત્રા ગામે પ્રાથમિક શિક્ષક તરીકે નિયુકત થયાં. પોતાની સજ્જતા, નિષ્ઠા, ને અનન્ય શિશુપ્રેમને લીધે, તેઓ વિદ્યાર્થીઓમાં જ નહીં શિક્ષકોમાં, અને વાલીઓમાં પણ અત્યંત પ્રિય થઈ પડયાં.

બાળગીતો, લોકગીતો, ભજનો, દૂહા-છંદ, જેવી સાહિત્ય રચના લોકો સમક્ષ પીરસતા રહયાં. શાળાની પ્રાર્થનાસભા - બાલસભા, તાલુકાની-જિલ્લાની વિવિધ પ્રવૃત્તિઓના સંમેલનોમાં, ગુજરાતી સાહિત્યને ધબકતું કરતાં રહયાં, જેના પ્રતિભાવ સ્વરુપ શાળામાં વિદ્યાર્થી સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી.

ત્યારબાદ વલ્લભીપુરની એવોર્ડ વિજેતા 'માનસ કન્યા શાળા' કાર્યક્ષેત્ર બન્યું. આ શાળામાં મુકેશભાઈએ પ્રાર્થના સાથે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ ધબકતી કરી. બાળકોને નિષ્ઠા, નિયમિતતા, સ્વાવલંબન, હકારાત્મક જીવન માટેની પૂંજી બાંધતા શીખવ્યું.

આ પ્રજ્ઞાચક્ષુ મુકેશભાઈની મહત્વપૂર્ણ પ્રવૃત્તિ તો શાળામાં દિન વિશેષ, વ્યકિત વિશેષના જન્મદિનની ઉજવણી કરવી, સાથે-સાથે નિબંધ સ્પર્ધા, વકતૃત્વનું આયોજન હોય જ. અને શાળામાં માસના છેલ્લાં શનિવારે બાલસભાનું આયોજન થાય. આનું સંચાલન બાળકોએ જ કરવાનું, તેવું શીખવી દીધું. શિક્ષક-સાહિત્યકાર એવા મુકેશભાઈ આગવી શૈલીમાં બાળવાર્તા રજૂ કરે ત્યારે, બાળકો રસ તરબોળ થઈ જાય. તેઓ મધુરકંઠે કાવ્યગાન કરે, વિષય વસ્તુના મુદ્દાઓને નાટ્ય પધ્ધતિમાં રૂપાંતર કરીને શીખવી દે. તેઓ પ્રજ્ઞાચક્ષુ શિક્ષક, લોક ગાયક, ઉત્તમ વકતા તથા શ્રેષ્ઠ ઉદ્દ્‌ઘોષક હોવા ઉપરાંત, ઉમદા ઈન્સાન છે.

શ્રી મુકેશભાઈની ઉત્તમ કામગીરીને તથા ધ્યેય નિષ્ઠાને ધ્યાને લઈને, ભાવનગર જિલ્લા શિક્ષણ સમિતિ-જિલ્લા પંચાયત, ભાવનગર દ્વારા, તા.૧/૯/૨૦૧૫ ના રોજ 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે સન્માન અર્પણ કરાયું છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

## વિકલાંગ પ્રવેશ સુવિધા દરેક બાંધકામમાં જરૂરી

ભારત સરકારના ન્યુ બિલ્ડિંગ કોડ (NBC) મુજબ, દરેક બાંધકામમાં વિકલાંગ-દિવ્યાંગ સરળતાથી પ્રવેશ કરી શકે માટેના નિર્દેશો જાહેર કરેલ છે. આજકાલ ટીવી પર પણ ભારત સરકાર દ્વારા, દિવ્યાંગને સુવિધા આપવા આગ્રહ કરાય છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ નીચે NBC કાર્યરત છે એટલે, બાંધકામ ઉદ્યોગોએ દરેક બાંધકામમાં મહત્વ આપવાનું રહે છે.



# 'સી.પી. શાળાનો પ્રવેશોત્સવ'



પી.એન.આર. સોસાયટી ભાવનગર, સંચાલિત, સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવો) ધરાવતી નટરાજ શાળાનો પ્રવેશોત્સવ, તા.૧૮/૬/૧૬ ના રોજ, શ્રી સી. એસ. રાજપાલ (નાયબ વિકલાંગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર) ના અધ્યક્ષ સ્થાને, સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ બાળકો તથા વાલીઓની ઉપસ્થિતિમાં રંગેચંગે સંપન્ન થયેલ હતો. પ્રારંભમાં શ્રી શિવાંગીબેન મહેતા દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના બાદ, સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સી.પી. સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી જીજ્ઞાબેન શાહે આપેલ શાળા પરિચય બાદ, શ્રી વિભુતિબેન વ્યાસે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા, **"જેનેટિક સેલ"** ની વિશેષ માહિતી આપેલ હતી. આ પ્રસંગની સાથોસાથ શ્રી સી. એસ. રાજપાલ સાહેબ તથા મહાનુભાવોએ દીપ પ્રાકટય દ્વારા, ભારત સરકારના નેશનલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દ્વારા સંસ્થામાં શરુ થયેલા, નવા બે પ્રોજેકટ, **"દિશા"** અને **"વિકાસ"** નું ઉદ્‌ઘાટન કરેલ. સમારંભના મુખ્ય મહેમાન શ્રી એ, પોતાના કી-નોટ વકતવ્યમાં, વિશિષ્ટ બાળકોના મુખ પરનું સ્મિત જોઈ, પ્રવેશોત્સવની સફળતા ગણાવી હતી. વિકલાંગો માટે તાજેતરમાં જાહેર કરવામાં આવેલ અનેક યોજનાઓની વિસ્તૃત અને રસપ્રદ માહિતી આપી, લાભ લેવા અપીલ કરી હતી. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી નવઘણભાઈ ચૌહાણ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીના પ્રતિનિધિ શ્રી જાંબુચાભાઈએ તથા સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહે, પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ હતું.કાર્યક્રમનું સંચાલન શ્રી વરૂણભાઈ વ્યાસ અને શ્રી રીનાબેન જાંબુચાએ તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહે કરેલ હતી.

# વિશિષ્ટ બાળકોના "વિશિષ્ટ વાલી"ઓની સભા



ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંલગ્નિત, સેરિબ્રલ પાલ્સી (મગજના લકવાવાળા) બાળકોની શાળા દ્વારા, આયોજીત એક કાર્યક્રમ "મગજના લકવાવાળા બાળકોની સારવાર અને ઉછેરમાં આવતી વાલીઓની સમસ્યાઓનો પડકાર" અંગે માર્ગદર્શન આપવા, તજજ્ઞ અને ભૂતપૂર્વ ચેરપર્સન (નેશનલ ટ્રસ્ટ, દિલ્હી), શ્રી આલોકા ગુહાના અધ્યક્ષપદે તા.૨૯/૬/૧૬ ના રોજ યોજાઈ ગયેલ. ભાવનગર જિલ્લા કલેકટર શ્રી બંછાનિધિ પાની, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમા, સંસ્થાના ટ્રસ્ટીગણ, વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગો તથા વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેલ. શ્રી શિવાંગી મહેતા દ્વારા ગવાયેલ પ્રભુપ્રાર્થના બાદ, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહે પ્રસંગ પરિચય આપી, પધારેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ તથા પધારેલ મહાનુભાવોને મેમેન્ટો અર્પણ કરાયેલ હતો. શ્રી બંછાનિધિ પાની સાહેબ તથા શ્રી ભગિરથસિંહ ચુડાસમાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ હતું. જયારે વિશિષ્ટ શિક્ષકશ્રી કવિતાબેન શાહ, તજજ્ઞ ડૉ. નવજયોત ત્રિવેદી તથા પેડિયાટ્રીક ન્યુરોલોજીસ્ટ ડૉ. ધવલ સોલંકીએ દિવ્યાંગોના જીવનમાં પડતાં પડકારોની સમસ્યાની વિગતે ચર્ચા કરી, માર્ગદર્શન આપ્યું હતું. આ રસપ્રદ ચર્ચામાં દિવ્યાંગોના વાલીઓએ ભાગ લીધેલ. શ્રીમતી આલોકા ગુહાએ 'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન' દ્વારા વિકલાંગ બાળકોની પ્રવૃત્તિમાં વાલીઓ, સંબંધીઓ, બધાં ભાગ લે અને 'કોમ્યુનિકેશન બોર્ડનો ઉપયોગ કરે', એવી સલાહ આપી. સ્વામી વિવેકાનંદ નું સૂત્ર,**"દુ:ખી જીવોની સેવા એ જ પરમાત્માની સેવા છે"** એ વાત કરી, **"વિશિષ્ટ"** પેરન્ટ બનવાની સલાહ આપી હતી. આભારવિધિ સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી.

લાઇબ્રેરી કોર્નર

# ગર્ભાવસ્થામાં પેરાસિટામોલને કારણે બાળકને ઓટિઝમનું વધારે જોખમ ...

સંકલન : ચેતનાબેન મુલાણી



ગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીઓ દ્વારા પેરાસિટામોલ દવાઓ લેવાથી, જન્મનાર બાળકમાં ઓટિઝમ તથા એ.ડી.એચ.ડી. (ધ્યાન કેન્દ્રિત થવાની સમસ્યા)નું જોખમ વધી જાય છે. ખાસ કરીને પુરુષ જાતિનું મગજ વધુ સંવેદનશીલ હોય છે, અને કોઈ પણ વધુ અસરકારક દવા, પુરુષ જાતિના બીજક માં વધારે પ્રમાણમાં અસર કરે છે, તેથી ઓટિઝમ/ એ.ડી.એચ.ડી. બાળક જન્મવાની વધારે શકયતા છે.





## સખી મંડળ, દિવ્યાંગને વીજબીલ કલેક્શન સેન્ટર આપવા નિર્ણય

રાજયના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે, ગુજરાત સરકારની માલિકીની ચારેય વીજ કંપનીઓને, પોતાના **'બીલ કલેક્શન સેન્ટર'**, મહિલાઓના સખી મંડળો અને દિવ્યાંગ નાગરિકોને આપવા નીતિ વિષયક નિર્ણય કર્યો છે. મહિલા અને દિવ્યાંગ કેટેગરીને અન્ય કલેકશન સેન્ટર કરતાં બે રૂપિયા વધારે એટલે કે રૂા. ૭ નું કમિશન એક બીલ દીઠ કંપનીઓ ચૂકવશે. જેનો અમલ ૧ લી જૂનથી કરવામાં આવશે. ગુજરાતના ૧.૨૧ કરોડ વીજગ્રાહકોના બીલની ચૂકવણી માટે અત્યારે માત્ર ૫૫૦ જેટલાં જ કલેકશન સેન્ટર છે.

## દિવ્યાંગોને નોકરીમાં ૩ ટકા અનામત

કેન્દ્ર સરકારના ગ્રુપ 'એ' અને 'બી' પદ અને સેવાઓ પર, નિમણૂંક વખતે દિવ્યાંગોને અનામતનો લાભ આપવા સુપ્રિમકોર્ટે ચુકાદો આપેલ છે. સરકાર માત્ર ગ્રુપ 'સી' અને 'ડી' ની પદની નિમણૂંક વખતે જ આ પ્રકારની અનામતનો લાભ આપતી. સુપ્રિમકોર્ટે, ગ્રુપ 'એ' અને 'બી' માં સીધી કે બઢતીથી નિમણૂંક, તે પ્રકારના ભેદભાવ વિના જ, દિવ્યાંગોને ૩ ટકા ની અનામતનો લાભ આપવા ફરમાન કરેલ છે.

## દિવ્યાંગ વ્યકિતઓને રેલવેનું પ્રમાણપત્ર આપવાના નિયમોમાં છુટછાટ

દેશના દિવ્યાંગ લોકોને રેલવેમાં મુસાફરી કરવા માટે, જરૂરી એવા પ્રમાણપત્ર ઈશ્યુ કરવાના નિયમોમાં છુટછાટ આપી છે. વ્યકિતને પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવ્યું હોય અને ત્યારબાદ તેના ઘરનું સરનામું બદલાયું હોય તો, તેવા સંજોગોમાં નવા સરનામા સાથે તે ટિકીટ માટે અરજી કરી શકશે. આવી સ્થિતિમાં સંબંધિત વિસ્તારના ડી.આર.એમ.ની કચેરી, દિવ્યાંગ વ્યકિતના નવા સરનામાનું વેરીફિકેશન કરશે અને ત્યારબાદ નવું ઓળખકાર્ડ ઈશ્યુ કરશે. કાયમી ખોડખાપણ ધરાવતાં ૨૬ થી ૩૫ વર્ષની વયના દિવ્યાંગ લોકો ૧૦ વર્ષ માટેનું કન્સેશનલ સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવે છે. આવી દિવ્યાંગ વ્યકિત જો ૩૫ વર્ષથી વધુ વયની હોય તો, તેમને આજીવન ઉપયોગમાં લઈ શકાય તેવું સર્ટીફિકેટ આપવામાં આવશે.

**(સૌજન્ય : સૌરાષ્ટ્ર આસપાસ)**

# પી.એન.આર. સોસાયટીના કર્મચારીઓના સંતાનોને તથા શ્રેષ્ઠ વ્યકિતઓને સન્માનવાનો કાર્યક્રમ સંપન્ન











ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ કોલેજના ઓડિટોરિયમ ખાતે, તા.૩૦/૭/૧૬ રોજ, સંસ્થા પરિવારના સંતાનો, જેમણે શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કર્યો છે તેમને પારિતોષિકથી તથા શ્રેષ્ઠ વ્યકિતઓને સન્માનપત્રથી નવાજવાનો એક કાર્યક્રમ, હર્ષોલ્લાસપૂર્ણ રીતે સંપન્ન થયેલ. વિશિષ્ટ વ્યકિતઓ સર્વશ્રી વિનુભાઈ કપાસી (પ્રમુખ, સેવા સમિતિ, ભાવનગર), શ્રી મોનિકા વાનાણી (દિવ્યાંગ સ્વનિર્ભર વ્યવસાયી) અને શ્રી ખેવનાબેન ઓઝા (વિશિષ્ટ શિક્ષક, બી.એડ્. એચ.આઈ.), ગોલ્ડ મેડાલિસ્ટનું સન્માનપત્ર અર્પણ કરી, સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થા પરિવારના તેજસ્વી તારલાઓ અને વાલીઓનું સન્માન કરી, સંતાનોને પ્રોત્સાહક ઈનામો, સંસ્થાના વડિલો દ્વારા અર્પણ કરાયા હતાં. આ પ્રસંગે મનોરંજન કાર્યક્રમ રજૂ કરનાર બાળ કલાકારોને પણ ઈનામો એનાયત કરવામાં આવેલ હતાં. સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા શ્રી પારસભાઈ શાહ દ્વારા, ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું.







# શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી ગુણવંતભાઈ વડોદરિયા**

સ્વાતંત્ર્ય સેનાની, પ્રજાસેવક સહૃદયી, ભાવનગરના જરૂરિયાતમંદ લોકોની નિઃસ્વાર્થ સેવા કરનાર સ્વ. શ્રી ગુણવંતભાઈ વડોદરિયાની ચિરવિદાયથી, ભાવનગરના પ્રજા જીવનમાં મૂલ્ય નિષ્ઠાની ભારે ખોટ પડી છે. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં હરહંમેશ સહભાગી થનાર ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ સ્વ. શ્રી ગુણવંતભાઈ વડોદરિયાની ચિરશાંતિ માટે સંસ્થા પરિવાર પ્રાર્થના કરે છે. પી.એન.આર. સોસાયટીની સેવાકીય પ્રવૃત્તિઓમાં સદા તત્પર રહેનાર વડોદરિયા પરિવારને, ઈશ્વર સ્વસ્થતા આપે તેવી શુભભાવના. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**



**સ્વ. શ્રી શામજીભાઈ પારેખ**

પી. એન. આર. સોસાયટી સંલગ્નિત શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પ્રાગંણમાં, સંસ્થાના મુરબ્બી, દાતા સ્વ. શ્રી શામજીભાઈ પારેખની સ્મૃતિમાં તા. ૩૦ જૂલાઈના રોજ સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, શિક્ષકગણ દ્વારા તેઓશ્રીની પ્રતિમાને માળા અર્પણ કરી, પ્રાર્થના કરવામાં આવેલ હતી. સર્વ કોઈએ મૌન પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**



**સ્વ. શ્રી હુસેનભાઈ**

સંસ્થાના પ્રારંભના સાથી સ્વ. શ્રી હુસેનભાઈનું તા. ૨૨/૭/૧૬ ના રોજ નિધન થતાં, દિવ્યાંગોના પરિવારને શોક ઠરાવ પાઠવીને સંસ્થાના ટ્રસ્ટીગણે, મર્હૂમની રૂહને સવાલ મળે એવી પ્રાર્થના કરેલ હતી. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

**પી.એન.આર. સોસાયટીની મહાન ગાયક સ્વ. શ્રી મહમ્મદ રફીને શ્રદ્ધાંજલિ**



પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના 'ફેમિલી ફોરમ'ના ઉપક્રમે, નટરાજ કોલેજના ઓડિટોરિયમ હોલમાં, તા.૩૧/૭/૧૬ની સંધ્યાએ, મ્યુઝિકલ ફ્રેન્ઝ ગ્રુપ, ભાવનગર દ્વારા એક સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાઈ ગયેલ હતો. મહાન ગાયક સ્વ. શ્રી મહમ્મદ રફીને પ્રાધાન્ય આપતાં, આ સૂરમય કાર્યક્રમમાં ભાવેણાના બિનધંધાદારી ગાયકો, સર્વશ્રી જીગ્નેશ શેઠ, મનિષ મકોડિયા, ધર્મેન્દ્ર જોષી, ધિરેન્દ્ર ચાવડા, ધ્વનિ મકોડિયા, વગેરેએ કરાઓકે સિસ્ટમ પર નવા/જૂના ફિલ્મી ગીતોથી શ્રોતાઓને રસવિભોર બનાવી દીધેલ હતાં. આ કાર્યક્રમનું એન્કરિંગ જીગ્નેશ શેઠ તથા વિશ્વેશ્વરી શેઠ દ્વારા કરાયેલ.

શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ)એ આ સુંદર કાર્યક્રમ આપવા બદલ **"મ્યુઝિકલ ફ્રેન્ઝ ગ્રુપ"** નો આભાર માનતા, 'સંગીતને પણ સમાજ સેવાનો ભાગ ગણાવેલ.' કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કિરીટભાઈ રાઠોડ અને શ્રી પારસભાઈ શાહે જહેમત ઉઠાવેલ.

## પાર્કિન્સન્સ દર્દીઓને ડૉ. ગુરૂમુખાણી દ્વારા માર્ગદર્શન

તા. ૩/૭/૧૬ ને રવીવારે, છેલ્લાં ત્રણ વર્ષથી પી.એન.આર. સોસાયટી દ્વારા ચલાવાતાં, શ્રી બી. કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપના દર્દીઓને, ડૉ. જયંતી ગુરૂમુખાણી (જાણિતાં ન્યુરોફિજીશ્યન) દ્વારા સચોટ માર્ગદર્શન અપાયેલ. આ કાર્યક્રમમાં હનુમંત હોસ્પિટલ, મહુવામાં ચાલતાં પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપના દર્દીઓ પણ જોડાયેલ. પાર્કિન્સન્સ દર્દીઓના પ્રશ્નો સાંભળીને, ડૉ. ગુરૂમુખાણીએ ખૂબજ વિસ્તારથી નિરાકરણ કરેલ. પાર્કિન્સન્સ દર્દીઓએ ડૉ. ગુરૂમુખાણીની ખુલ્લે દિલે પ્રસંશા કરીને, સ્ટેન્ડિંગ ઓવેશન આપેલ.

## ફેમિલી ફોરમ


પી.એન.આર.સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના 'ફેમિલી ફોરમ'નો કાર્યક્રમ નટરાજ કોલેજમાં તા.૧૯/૬/૧૬ રવિવારના રોજ સંપન્ન થયેલ. સંસ્થા પરિવારના આ કાર્યક્રમમાં ગુજરાતી હાસ્ય નાટક **"આ કોકિલાનું કાંઇક કરો"**, સી.ડી. પર દર્શાવવામાં આવેલ હતું. સંસ્થા પરિવારના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ તથા આમંત્રિત શહેરીજનોએ મન ભરીને માણ્યું. બહેનો તથા બાળકોએ હાસ્યની છોળો ઉડાડી હતી. સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે ખાસ જહેમત લઈ આ યોજેલ કાર્યક્રમ માણી, સુરુચિ પૂર્ણ ભોજન લઈ, પરિવારે ફરી મળવા વિદાય લીધેલ હતી.



# સંક્ષિપ્ત સમાચાર

## પી. એન. આર. હૉસ્પિટલ

મહાસુખભાઈ જકડિયા
તથા પ્રદિપભાઈ ભટ્ટ



## ''પોલિયો સારવાર''

પોલિયોના દુઃખ દર્દની વિટંબણા અનુભવતા દર્દી, બાળકોની સારવાર; પી.એન.આર. સોસાયટી સંચાલિત પી.એન.આર. હોસ્પિટલ એટલે પૂર્વની 'પોલિયો હોસ્પિટલ', ભાવનગરે, સને ૧૯૮૮ ના વર્ષથી શરુ કરી હતી. આ દરમ્યાન ભારતના મોટા ભાગના રાજયોમાં કેમ્પ કર્યા. આવા છસો કેમ્પ દરમ્યાન ૮૦ હજાર દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યાં છે.

પોલિયો કેમ્પના આયોજન પૂર્ણ કરવા, સંસ્થાના શ્રી ચંપકભાઈ વ્યાસ (પૂર્વ, સમાજ સુરક્ષા અધિકારી) કેમ્પ ઓર્ગેનાઈઝ કરતાં હતાં. જમ્મુ, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિતના રાજયમાં કેમ્પ દરમિયાનના ઓપરેશન થયેલ દર્દીઓ, આજે પણ પ્રથમ શ્રી વ્યાસજીનો સંપર્ક કરે છે અને શ્રી વ્યાસજીની સંવેદના કામ કરતી થઈ છે. સદર રાજયોમાંના એન.જી.ઓ. તથા વ્યકિતગત રીતે સૌના પરિચયમાં રહેતા, તેમની ચાહના અને સેવાવૃત્તિ આજે પણ યથાવત છે.

થોડાં સમય પહેલાં, પંજાબના જીલ્લા ગુરુદાસપુરના, ગ્રામ્ય ગીલામાલી ના દર્દી, સસ્વીન્દર કૌર ગુરુદયાળસિંહ (ઉ.વર્ષ. ૨૩) પોલિયો રસી નહીં મુકવાના કારણે, દર્દથી બન્ને પગે ઢસડાઈને બેઠાં-બેઠાં જ ચાલી શકે, તેવી નાજુક પરિસ્થિતિમાં  આ હોસ્પિટલમાં આવે છે અને સાથે જ શ્રી વ્યાસજીનો દર્દી માટે ભલામણ કરતો ફોન આવ્યો. શ્રી વ્યાસજીની ભાવના પોલિયોના દર્દી માટે હજુ પણ ઉત્કૃષ્ટરૂપે રહેલી છે. તેમણે ડૉ. પિનાકિનભાઈ વોરાને પણ ફોન કર્યો. 'આ દર્દીનું ધ્યાન રાખશો. પોલિયોનું છે. ગરીબ છે.' દર્દી તા. ૯/૬/૧૬ ના દાખલ થયું. પ્રાથમિક સારવાર બાદ ઓપરેશન થયું અને ૧૫/૬/૧૬ ના ડિસ્ચાર્જ કર્યું. સારવાર સાથે રહેવાની સગવડ આપવામાં આવી.

ડૉ. પિનાકિનભાઈ વોરા, જેમણે પોલિયો કેમ્પ સમયે, નિદાન સારવાર અને ઓપરેશનમાં માસ્ટરી મેળવી છે, તેમની તજજ્ઞતા એજ એમનો પરિચય છે, આ દર્દીના બન્ને પગના ઓપરેશન (ગોઠણના કાપ-કૂપ સાથે) ગોઠણમાંથી પગ સીધો કરવાનું કાર્ય, ડાબા પગના ગોઠણમાં પ્લેટિંગ, ઘુંટીએથી ડાબા જમણો પણ સીધો કરવાનું ઓપરેશન કરવામાં આવેલ. આ જટિલ, પણ તેમણે માટે સામાન્ય, એવા સફળ ઓપરેશન માટે ડૉ. શ્રીને જશ આપીએ છીએ.




દર્દીને પ્રાઈવેટ હોસ્પિટલમાં ૫૦/૬૦ હજાર ખર્ચ તો થાય, તે આ હોસ્પિટલમાં ફ્રી સારવાર આપવામાં આવી છે.

આનો શ્રેય ડૉ. વોરા સાહેબ, શ્રી ચંપકભાઈ વ્યાસ તથા હોસ્પિટલ સ્ટાફને આપીએ. પોલિયોના દર્દીઓના ઓપરેશન થતાં રહે છે, જયાં-જયાં કેમ્પો થયાં હતાં, તેમાનું એક ઉદાહરણ અહીં પ્રસ્તુત કરેલ છે. આજે પણ જુદા-જુદા રાજયોમાંથી પોલિયોના જટિલ ઓપરેશન માટે દર્દીઓ, ભાવનગરની પી.એન.આર. હોસ્પિટલમાં આવતા રહે છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



**PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન**

## ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન - વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન :-

પી.એન.આર. સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા પી.ડી.ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના **કોમ્પ્રીહેન્સિવ ડિસેબિલિટિ પ્રિવેન્શન એન્ડ વેલ બિઈંગ પાર્ટનર શીપ પ્રોગ્રામ** અંતર્ગત, **રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ** માં જૂન થી જૂલાઈ-૨૦૧૬ દરમ્યાન પાલિતાણા, ઘોઘા, તળાજા, ભાવનગર તાલુકાના ગામડાંઓ, તેમજ ભાવનગરની સામાજિક સંસ્થાઓ, જેમકે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, મંગળ ચેરીટેબલ ટ્રસ્ટ-ભાવનગર, સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ભાવનગર વગેરેના સહકારથી, ગામડાઓમાં ૭ સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ ૬૬૦ ને રૂબેલાની અવરનેસ આપવામાં આવેલ છે. તેમાં ૩૪૪ ને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ છે.

## ૨) ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :-



જૂન થી જૂલાઈ-૨૦૧૬ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, ભાવનગર જિલ્લાના શિહોર, ગઢડા તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોના તથા આંગણવાડીના બાળકોના આંખ-કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. પી.એન.આર.; ઈમ્પેક્ટ ટીમ દ્વારા, વધુમાં વધુ ૧૪૦૫૧ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૧૨ બાળકોને “રિફ્રેકશન એરર” હોય તેને, વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન ‘એ’ ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, ઈ.એન.ટી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ૧૬ બાળકોને કાનના પડદામાં કાંણાંના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

## ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-



જૂન થી જૂલાઈ-૨૦૧૬ માં, બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૩ બાળકો તથા જરૂરિયાતમંદ દર્દીનું નિદાન કરી, તેમાંથી ૨૨ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં. જેમાં ૭ કપાયેલાં હોઠના, ૫ તાળવામાં કાણું અને ૪ હાઈપોસ્પિડીયા (મૂત્રનલિકાની જન્મજાત ખામી) તેમજ ૬ પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમજ હેર રીમુવલ, સ્કાર,પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેના દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા-પ્લાસ્ટિક સર્જન, ડૉ. નિરવ ધોળકીયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ૪) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-




જૂન થી જૂલાઈ-૨૦૧૬ દરમ્યાન, પી.એન.આર. હોસ્પિટલનાં “શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા” આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ તથા તળાજા તાલુકાના હબુકવડ ગામે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન

કરવામાં આવેલ હતું, જેમાં ૭૬૬ ની ઓ.પી.ડી. કરાવામાં આવી.જરૂરિયાતમંદ લોકોને મફત દવા, ટીપા,વગેરે વિતરણ કરેલ હતું. ૧૪૪ લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા ૮૯ લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ ૨૫ દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

### ૫) લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટર :-

જૂન થી જૂલાઈ-૨૦૧૬ દરમ્યાન Lady Egremont Peadiatric Ophthalmic Centre, PNR Hospital માં, પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર તેમજ આજુબાજુના જિલ્લામાંથી બાળકોને લઈને તેમના વાલીઓ, આવ્યાં હતાં. આ કેમ્પમાં ૫૨ બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ તથા તેમાંથી ૧૯ બાળકોના ઓપરેશન,જેમાં ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, નીસ્ટેગ્મસ, Fundus & Refrection, Amniotic Mem brane, Sist Removal,Sac Syring વગેરે ઓપરેશન તદ્દન ફ્રી, ડૉકટર જનક શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા, સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.



# અન્ય સંસ્થા સમાચાર

### ૧. અંધજન શાળા સુરતમાં પ્રવેશ ઉત્સવની ઉજવણી:

અંધજન શિક્ષણ મંડળ, સુરત સંચાલિત અંધજન શાળામાં, તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ મુખ્ય મહેમાન શ્રી ડૉ.અશ્વિનીબેન કાપડિયા (વાઈસ પ્રિન્સપાલ, કામરેજ, બી.એડ. કોલેજ, સુરત) ના અધ્યક્ષ સ્થાને પ્રવેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી આનંદભાઈ ચોખાવાળાએ પ્રાસંગિક ઉદ્દબોધન અને સ્વાગત પ્રવચન કરેલ. પ્રવેશ ઉત્સવ ઉજવણી નિમિતે, શાળા તરફથી નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને પુષ્પ, સ્કૂલબેગ અને બ્રેઈલકીટ અને દાતાશ્રી પ્રવિણચંદ્ર તરફથી રમકડા અર્પણ કરી, આવકાર સાથે પ્રોત્સાહિત કર્યા હતાં.

### ૨. મૂક બધિરોના વેવિશાળ માટે બૂક પ્રસિધ્ધ થશે :

સમાજમાં રહેતા મૂક બધિર યુવાન-યુવતિઓના વેવિશાળ અંગે, તેઓના માતા-પિતા ખૂબ જ ચિંતિત હોય છે. રાજકોટની શ્રી છ.શા. વિરાણી બહેરાં મૂંગા શાળા દ્વારા, મૂક બધિર લોકો માટે વેવિશાળ અંગેની એક બૂક તૈયાર કરવાનું આયોજન કરેલ છે. તો ઉત્સુક ઉમેદવારે, આ અંગેનું ફોર્મ શ્રી છ. શા.વિરાણી બહેરાં મૂંગા શાળા, ઢેબરભાઈ રોડ, રાજકોટ ખાતેથી વિનામૂલ્યે મેળવી, ભરી, પરત આપવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

### 3. બહેરામૂંગા શાળા-સોલા, પ્રવેશોત્સવની ઉજવણી :

શ્રી કે.એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર, સોલા મૂકામે તા.૪/૭/૨૦૧૬ ને સોમવારના રોજ **'પ્રવેશોત્સવ'**નો કાર્યક્રમ ઈન્ફાઈનાઈટ સિવીલ સોલ્યુશન પ્રા.લિ. ના મેનેજીંગ ડાયરેકટર શ્રી પંકજભાઈ ગોહિલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ પ્રસંગે શ્રી પંકજભાઈ ગોહિલે જણાવેલ કે, **"મૂક-બધિર બાળકો શિક્ષણ અને તાલિમ મેળવી પગભર થાય તે માટે સમાજની દરેક વ્યકિતઓએ તન, મન અને ધનથી સહયોગ આપવો જોઈએ."** સંસ્થામાં કુલ ૨૭ મૂક-બધિર બાળકોના પ્રવેશપત્રો આવેલ, જેમાંથી ૧૦ બાળકો, વાલીઓ સાથે હાજર રહી પ્રવેશ મેળવેલ.

### ૪. ''દિવ્યાંગના દિવ્યરંગ'' :-

હેલ્થ એન્ડ ફાઉન્ડેશન ઠાકરશી ચેરિટેબલ ટ્રસ્ટ, અને સદવિચાર પરિવાર આયોજીત **''દિવ્યાંગના દિવ્યરંગ''** કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં શ્રી કે.એસ.દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર, સોલાના મૂક-બધિર વિદ્યાર્થી શ્રી અલ્પેશ સી. લકુમ બીજા નંબરે આવી, રૂા. ૫૦૦/- રોકડા તથા સર્ટિફીકેટ પ્રાપ્ત કરેલ.


### ૫. શ્રી કે. એસ. દેઢિયા સ્કૂલનું ગૌરવ :-

શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર, સોલા (અમદાવાદ)ના માનદ્ નિયામક શ્રીમતિ કોકિલાબેન શાહને **'વુમન ડે'** નિમિતે **'સ્પેશ્યલ એપિરીયન્સ'** એવોર્ડ **'દિવ્ય ભાસ્કર'** તરફથી શ્રી નિશીથભાઈ મહેતા, વાઈસ પ્રેસિડન્ટના વરદ્ હસ્તે એનાયત થયેલ, જે સંસ્થાનું ગૌરવ છે. આ અગાઉ પણ રાજય સરકાર તરફથી મા.શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે વિકલાંગોના ક્ષેત્રે કરેલી વિશિષ્ટ સેવા બદલ, તેમજ **'જીયો દિલસે'** એવોર્ડ મૂક-બધિર બાળકોના શિક્ષણની કેટેગરીમાં, રાષ્ટ્રકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી બદલ, મા. શ્રી ભૈયુજી મહારાજના અધ્યક્ષ સ્થાને, ઈન્દોર મુકામે પણ એનાયત કરવામાં આવેલ. શ્રીમતિ કોકિલાબેન શાહ છેલ્લાં ૪૫ વર્ષોથી વિકલાંગોના ક્ષેત્રે કામ કરી રહ્યાં છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.



# સંક્ષિપ્ત સમાચાર

જીજ્ઞાબહેન શાહ




## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### (૧) નેશનલ કો-ઓર્ડિનેટર્સ મીટ :

તા. ૮,૯ અને ૧૦ જૂન NIEPMD ચેન્નઈ ખાતે **નેશનલ કો-ઓર્ડિનેટર્સ મીટ** અને 'નેશનલ સેમિનાર ઓન બેસ્ટ પ્રેક્ટિસીસ ઈન હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ટ ઈન ડિસેબિલિટી સેક્ટર' વિષય પર રાખવામાં આવેલ. જેમાં પી.એન.આર. સોસાયટી વતી, DSE-CPના કોર્સ સંબંધિત, પરીક્ષા પધ્ધતિની માહિતી તથા 'National Level' પર થતાં વિકલાંગતા માટેના માનવ સંસાધન (HRD) ના પ્રવાહોની સવિશેષ માહિતી મેળવવા, જીજ્ઞાબેન એ. શાહે પ્રતિનિધિત્વ કરેલ. ગૌરવની વાત એ છે કે સમગ્ર ગુજરાતમાંથી શ્રી જીજ્ઞાબેન શાહ જ ઉપસ્થિત રહેલ.


### (૨) વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી :



તા. ૨૧/૦૬/૨૦૧૬ ના રોજ **વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી** નિમિત્તે, યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં ૧૫ બાળકો તેમજ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ, શ્રી આર.બી. જોષી, શ્રી જયોતિબેન પરમાર, શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી વરુણભાઈ વ્યાસ, શ્રી વિભૂતિબેન વ્યાસ, શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી લાલજીભાઈ પંડયા, શ્રી તૃપ્તિબેન મહેતા, શ્રી દિનેશભાઈ મકવાણા વગેરે આ કાર્યક્રમમાં જોડાયા તથા બાળકોએ વિવિધ યોગાસનો કર્યા હતાં.

### (૩) શ્રીમતી આલોકા ગુહાની શાળા મુલાકાત :

નેશનલ ટ્રસ્ટના પૂર્વ ચેરપર્સન શ્રીમતી આલોકા ગુહાની, પી.એન.આર. સોસાયટી સંચાલિત 'નટરાજ' સી.પી. સ્કૂલની ૩ દિવસીય મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું



હતું. 'નટરાજ' સી.પી. સ્કૂલના અલગ-અલગ વિભાગનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. તથા હાલની પ્રવૃત્તિઓનું મૂલ્યાકન કરી, ભવિષ્યમાં શાળામાં કેવા પ્રકારના પરિવર્તનને અવકાશ છે, તેની ચર્ચા પણ કરી. ત્યાર બાદ સંસ્થા દ્વારા ચાલતાં તળાજા, શિહોર સેન્ટરની પણ મુલાકાત લીધી, સાથે-સાથે વાલીઓને માર્ગદર્શન માટે 'પેરેન્ટસ મીટ', મહાવિર ઓડિટોરિયમ ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં આમંત્રિત તજજ્ઞો, જિલ્લા કલેકટર શ્રી બંછાનિધિપાની સાહેબ, સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમા તથા ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહયાં હતાં તથા ડૉ. ધવલભાઈ સોલંકી, ડૉ. નવજોતભાઈ ત્રિવેદી વગેરે દ્વારા વાલી માર્ગદર્શન કરવામાં આવેલ અને વાલીઓ સાથે પ્રશ્નોતરી કરવામાં આવી હતી.

### (૪) આધાર કાર્ડ :

તા. ૧૪/૭/૨૦૧૬ ના રોજ સમાજ સુરક્ષા ખાતા દ્વારા સી.પી. સ્કૂલના બાળકોના આધાર કાર્ડ કાઢવા માટેની શાળામાં જ વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી. જેમાં ૨૩ બાળકો તથા ૧૨ સ્ટાફ, વાલીના આધાર કાર્ડ કાઢવામાં આવેલ હતાં.

### (૫) ગુરુપુર્ણિમાની ઉજવણી :

તા. ૧૯/૭/૨૦૧૬ ના રોજ ગુરુપુર્ણિમા નિમિત્તે, સી.પી. વિભાગના બાળકોને તેમના શિક્ષકો દ્વારા, ગુરુ વિશે સુંદર માહિતી આપી હતી તથા બાળકો દ્વારા પણ તેમના ગુરુ વિશેના વિચારો રજૂ કર્યા હતાં. ત્યાર બાદ દરેક બાળકો તથા સ્ટાફ સહિત દુખી:શ્યામબાપાના આશ્રમે દર્શને ગયા હતા અને પ્રસાદી લીધી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર

## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ



### (૧) નોકરી ભરતી મેળામાં વિકલાંગ તાલિમાર્થીઓ:

તા. ૬/૫/૨૦૧૬ ના રોજ શ્રમ અને રોજગાર વિભાગ તથા 'વિકલાંગ વાચા' ન્યુઝ પેપરના સંયુકત ઉપક્રમે, **નોકરી ભરતી મેળા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં બેરોજગાર યુવક યુવતિઓએ ભાગ લીધેલ. આ ભરતી મેળામાં પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજીમાં કોમ્પ્યુટરની તાલિમ મેળવતા વિકલાંગ ભાઈ-બહેનોએ ભાગ લઈ, વિવિધ નોકરીઓ વિષે માહિતી મેળવેલ. આ ભરતી મેળામાં વેલસ્પન, વોડાફોન, માઈક્રોસાઈન જેવી કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહેલ અને નોકરી તથા નોકરીની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.


### (૨) સેમિનારનું આયોજન :



ભારત સરકારના નેશનલ ડિઝીટલ લિટ્રસી મિશન અંતર્ગત, તા.૧૧-૫-૧૬ના રોજ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક ખાતે, સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ સેમિનારમાં હાલના તમામ તાલિમાર્થીઓને સરકાર દ્વારા અપાતી ઓનલાઈન સેવાઓની જાણકારી તથા કેવી રીતે ઉપયોગ કરી શકાય, તેની માહિતી શ્રી મેહુલભાઈ બુધેલિયાએ આપી હતી.

### (૩) વિકલાંગ તાલિમાર્થીના હસ્તે ભાવનગર કોર્ટમાં જુબાની માટેના સેન્ટરનું ઉદ્ઘાટન :

ભાવનગર કોર્ટમાં વિકલાંગો જુબાની આપી શકે તે માટે, ગ્રાઉન્ડ ફ્લોર પરના રૂમની વિશેષ વ્યવસ્થા નામદાર જજ સાહેબ શ્રી આર.કે.દેસાઈની ઉપસ્થિતિમાં શરૂ કરવામાં આવી. આ જુબાની સેન્ટરનું ઉદ્ઘાટન એ.ટી. એન્ડ ટી. ના વિકલાંગ વિદ્યાર્થી સાર્દુળભાઈ વાઘના હસ્તે તા.૨૬-૫ ના રોજ કરવામાં આવ્યું, જે માટેની તમામ વ્યવસ્થા શ્રી આર. બી. જોષીએ સંભાળેલ.



**WORK TOGETHER**

The root of all health is in the brain.
The trunk of it is in emotion.
The branches and leaves are the body.
The flower of health blooms when all parts work together.

**- Kurdish folk wisdom**





# સંક્ષિપ્ત સમાચાર

✍ વૈશાલી યોગી, વિશ્વા ભટ્ટ
અને નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### (૧) ધો.૧૦ અને ધો.૧૨ કોમર્સના બાળકોની ઝળહળતી સિધ્ધિ :

શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું વર્ષ ૨૦૧૫-૧૬માં ધો.૧૦નું રિઝલ્ટ ૯૭ ટકા આવેલ છે. કુલ ૩૨ વિદ્યાર્થીઓમાંથી ૩૧ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. ધો.૧૨ કોમર્સના વર્ગનું રિઝલ્ટ ૫૦ ટકા આવેલ છે. કુલ ૧૪ વિદ્યાર્થીઓમાંથી ૭ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે.

### (૨) શ્રવણમંદ ભૂલકાંઓનો શાળામાં પ્રવેશ :



શ્રી ખી. લ. બહેરાં મૂંગા બાળકોની શાળામાં, રાજય સરકારશ્રી તરફથી આયોજિત **પ્રવેશોત્સવ**ની ઉજવણી તા.૧૬/૬/૧૬, ગુરૂવારે સવારે ૧૦:૩૦ કલાકે મહાવીર ઓડિટોરીયમમાં યોજાયેલ. મુખ્ય મહેમાન તરીકે સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમા તથા શ્રી શરદભાઈ બારૈયા (લેકચરર, ડાયટ ભવન) ઉપસ્થિત રહેલ. શાળા પરિવારમાંથી શ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ પણ બાળકોને આવકારવા ઉપસ્થિત રહેલ. પ્રાથિમક શાળામાં કુલ ૪૫ નવા બાળકોએ પ્રવેશ મેળવેલ છે. દરેક બાળકને શિક્ષણ માટે ઉપયોગી વસ્તુઓ તથા પાઠયપુસ્તકોની ભેટ અપાયેલ.

### (૩) શ્રવણમંદ કિશોરોનો દ્વિતીય પ્રવેશોત્સવ :

શ્રી ખી. લ. બહેરાં બાળકોની માધ્યમિક શાળામાં સૌ પ્રથમ વખત રાજય સરકારશ્રી આયોજિત પ્રવેશોત્સવની ઉજવણી તા.૧૬/૬/૧૬, ગુરૂવારે બપોરે ૨:૩૦ કલાકે મહાવીર ઓડિટોરીયમમાં યોજાયેલ. મુખ્ય મહેમાન તરીકે



શ્રી અભયસિંહ ચૌહાણ (માન. ડિરેકટરશ્રી, ગુ.હા. બોર્ડ, ગાંધીનગર), શ્રી વનરાજસિંહ પરમાર (ઈ.ડી.પી. મેનેજર, મહાનગરપાલિકા), શ્રી ભરતભાઈ મોણપરા (શિક્ષણ સમિતિના સદસ્ય) હાજર રહેલ. સંસ્થા પરિવારના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, શ્રી રાજુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. ધો.૯ અને ધો.૧૧માં ૬૦ નવા બાળકોએ પ્રવેશ મેળવેલ છે. દરેક નવા બાળકોને સરકારશ્રી તરફથી પાઠયપુસ્તક, સંસ્થા તરફથી કંપાસબોકસ-બોલપેનનું પેકેટ ભેટ અપાયેલ. બંને વિભાગના પ્રવેશોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે પ્રાર્થનાનૃત્ય, **"મનુષ્ય તું બડા મહાન હૈ..."** સુંદર રીતે રજૂ થયેલ. ત્યારબાદ યોગની રજૂઆત દેશભકિત ગીત સાથે થયેલ. **'વૃક્ષ બચાવો'** થીમ આધારિત નાટકની રજૂઆત શ્રવણમંદ વિદ્યાર્થીઓએ કરેલ. ધો.૫ની વિદ્યાર્થીની સાદિયાહે, **'વૃક્ષ બચાવો'** વિશે વકતવ્ય આપેલ. ધો.૧૧ના વિદ્યાર્થી અનિલે બેટી બચાવો... વિશે વકતવ્ય આપેલ. છેલ્લે શ્રવણમંદ વિદ્યાર્થીઓએ રાસની રમઝટ બોલાવી, સૌને અભિભૂત કરેલ.

### (૪) 'યોગ કર્મસુ કૌશલમ...'

'યોગ કર્મસુ કૌશલમ...' ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ. યોગ દિવસની ઉજવણી યુનિવર્સિટી મેદાન ખાતે યોજાયેલ. મુખ્ય કાર્યક્રમમાં આપણી શાળાએ ઉત્સાહભેર ભાગ લીધેલ. દરેક બાળકો તથા શિક્ષકોએ યોગ કરેલ. કલેકટર શ્રી બંછાનિધી પાનીએ આપણા દિવ્યાંગ બાળકોને યોગદિનની ઉજવણીમાં ભાગ લેવા માટે બિરદાવેલ. શાળાના બાળકોને શિક્ષક શ્રી મુકતાબેને સુંદર યોગ કરાવેલ. ભાવનગર જિલ્લાના પ્રતિનિધી અને રાજયસભાના સાંસદ તરીકે ભાવનગર



જિલ્લા, ગુજરાત રાજય અને સમગ દેશની બહુમૂલ્ય સેવા કરી, લોકોની વાચાને કેન્દ્ર સુધી લઈ જનાર શ્રી મનસુખભાઈ માંડવીયાને મંત્રી મંડળમાં રોડ, ટાન્સપોર્ટ, હાઈવે, શિપીંગ, ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ જેવા અગત્યના ખાતાઓમાં કેન્દ્રીય રાજયપ્રધાન તરીકે પસંદગી થતાં, તેમને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ શ્રી મહાસુખભાઈ જકડીયા તથા શ્રી જીતુભાઈ શાહે તેમને સંસ્થા વતી અભિવાદન પાઠવેલ છે.

## (૫) બહેરા મૂંગા શાળાના શિક્ષકો બન્યા વધારે જ્ઞાનસભર :




તા.૨૫-૨૬ જૂલાઈ શ્રવણમંદ બાળકોનું વધારે સારી રીતે 'લેંગ્વેજ ડેવલોપમેન્ટ' કરવા માટે, શિક્ષકો માટે વર્કશોપનું આયોજન થયેલ. ઈટીસી, મુંબઈના ડાયરેકટર, તેમજ શ્રવણમંદ બાળકોના શિક્ષણના નિષ્ણાત એવા શ્રી વર્ષા ભગતે, આ બાળકોની ભાષાનું એસેસમેન્ટ કેવી રીતે કરવું ? અને બાળકની ભાષા સુધારણા વિશે ખૂબજ ઉપયોગી જ્ઞાન આપેલ. સંસ્થાના ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલ શ્રી ઈલાબેનના પ્રયત્નથી આ વર્કશોપ ખૂબ સફળ થયેલ છે.

## (૬) શ્રવણમંદો પણ ઈ-સાક્ષર... :

તા.૩૦-૬-૧૬ના રોજ **ડિજીટલ સાક્ષરતા અભિયાન** અંતર્ગત, શ્રવણમંદોને તાલિમ આપવા માટે ૧૪ વર્ષથી ઉપરના ૧૧૯ બાળકોનું તાલિમ માટે રજીસ્ટ્રેશન થયેલ. સીએસસી અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સહયોગથી, શાળાના બાળકો કમ્પ્યુટરના વિવિધ કોર્સની તાલિમ લેશે, ઈ-સાક્ષર બનીને આ બાળકો પોતાની આજીવીકા સારી રીતે મેળવી શકે તેવી આશા...

## (૭) ભાવનગરના તમામ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોએ શ્રવણમંદ બાળકો સાથે ઉજવ્યો સી.એ.-ડે :



૧ જૂલાઈએ સી.એ. ડે નિમિત્તે, ભાવનગરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોએ શાળાના બાળકો સાથે, આ દિવસ ઉજવવાનો નિર્ધાર કર્યો. સંસ્થાના પ્રાંગણમાં આઈએસીઆઈના ધ્વજને કલેકટરશ્રી બંછાનિધિ પાનીસાહેબે લહેરાવ્યો. સંસ્થાના મહાવીર ઓડિટોરીયમમાં દિપપ્રાગટય કરી, શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો. બાળકોનું પાર્થનાનૃત્ય, નાના ભૂલકાઓનો રંગ દરબાર અને બાળકોનો રાસ નિહાળીને આવેલા તમામ લોકો મંત્રમુગ્ધ બન્યા અને આ બાળકોને ખૂબ બિરદાવ્યા અને રૂપિયા ૩ લાખ ૬૦ હજારનું, લોકલ બાળકોના ટાન્સપોર્ટેશન માટે, અનુદાન આપેલ છે.

## (૮) ગુજરાતના બાળવર્ગ-૧-૨ના શ્રવણમંદ બાળકો માટે રચાયો અભ્યાસક્મ :



શ્રવણમંદ બાળકોના ભાષા વિકાસ માટે, બાળવર્ગ-૧ અને -૨ નો અભ્યાસક્મ બનાવવાના હેતુથી તા.૧૧-૭-૨૦૧૬ના

રોજ નડિયાદની શ્રી એસ. જી. બ્રહ્મભટ્ટ બધિર સેવા વિહાર સંસ્થામાં, ગુજરાતની ૭ શ્રવણમંદ બાળકોની શાળાના પ્રિન્સીપાલ, શિક્ષકો તથા ઓડિયોલોજીસ્ટ ભેગા થયાં હતાં. પોતાના ક્ષેત્રમાં નિષ્ણાતોની આ ટીમે, ગહન વિચારણાને અંતે અભ્યાસક્મની રચના કરેલ છે. આ અનુસંધાને શાળાના પ્રિન્સીપાલ શ્રી ઈલાબેન તથા શિક્ષક શ્રી ચંદ્રિકાબેને હાજરી આપેલ.

## (૯) વિકલાંગ ધારો ૧૯૯૫ના અમલીકરણ માટે થઈએ કટિબધ્ધ :

૧૯૯૫-વિકલાંગ ધારાની અમલીકરણ કમિટિની મિટિંગ તા.૧૨-૭-૨૦૧૬ના રોજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં, કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ. જેમાં સંસ્થા વતી ખજાનચી શ્રી જીતુભાઈ શાહ અને ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈએ હાજરી આપેલ. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા દિવ્યાંગ બાળકો સાથે કામ કરતી સંસ્થાના આચાર્યશ્રીઓ, ગૃહમાતાઓ તથા અન્ય કર્મચારીઓ માટે **બાળ મનોવિજ્ઞાન અને વ્યવહાર** વિષય પર તાલિમ આપવાનું આયોજન થયેલ. જેમાં ભાવનગરના ખ્યાતનામ મનોચિકિત્સક શ્રી ડો. દેવાંશુ દેસાઈએ ખૂબજ ઉપયોગી માર્ગદર્શન આપેલ. આપણાં બાળકો આપણું ભવિષ્ય છે તેથી તેને સમજી તેનો વિકાસ કરવાના હેતુથી, સંસ્થાના પ્રિન્સીપાલ શ્રી ઈલાબેન અને શ્રી લીલાબેન તથા ગૃહમાતા શ્રી સ્નેહાબેન અને શ્રી જયશ્રીબેને હાજરી આપેલ.

## (૧૦) શ્રવણમંદ બાળકોને મળ્યા સરળતાથી આધારકાર્ડ :

ભાવનગર સમાજ સુરક્ષા અધિકારી કચેરી દ્વારા, સમગ્ર ભાવનગર જિલ્લાના તમામ દિવ્યાંગોને સરળતાથી આધારકાર્ડ મળી રહે તે હેતુ માટે, એક સ્પેશ્યલ ડ્રાઈવ કરવામાં આવેલ. તે અંતર્ગત તા.૧૨-૭-૨૦૧૬ના રોજ આપણી શાળામાં કેમ્પ રખાયો. જેમાં શાળાના ૩૨ બાળકોના આધારકાર્ડનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

## (૧૧) કુસુમ રિહેબિલિટેશન સેન્ટર :

સંસ્થામાં છેલ્લા ૩૩ વર્ષોથી શ્રવણમંદ બાળકોના વાલીઓ-માતાઓ માટેનો તાલિમી અભ્યાસક્રમ ચાલે છે. આ તાલિમી કાર્યક્રમના વિસ્તરણ માટે અને વાલીઓને તેઓના રહેણાંકના સ્થળની નજીક તાલિમ તેમજ અન્ય માહિતી મળી રહે તે હેતુસર,સંસ્થામાં **'કુસુમ રિહેબિલિટેશન સેન્ટર'** નામનો પ્રોજેકટ શરૂ કરાયો છે. આ અન્વયે, રિહેબ સેન્ટરના બીજા કેન્દ્રનો નડિયાદના એસ.જી. બ્રહમભટ્ટ વિદ્યાલય ખાતે ઉદ્‌ઘાટન સમારોહ યોજાઈ ગયો. જેમાં શ્રી મૃદુલાબેન દેસાઈ (પ્રોજેકટ ચેરમેન) તથા શ્રી દક્ષાબેન સવજીયાણી (પ્રોજેકટ



કોર્ડિનેટર)એ હાજરી આપેલ તથા નડિયાદની સંસ્થાના વાલીઓને માર્ગદર્શન આપેલ.

## (૧૨) પી. આર. વાઘર આર્ટિફીશ્યલ લિમ્બ સેન્ટર કામગીરી :

ભાવનગર લોકલમાં કુલ ૧૩૫ લાભાર્થીઓએ, સંસ્થામાં સાધનો બનાવેલ છે. બનેલા કુલ સાધનોની સંખ્યા ૧૮૦ આસપાસ થયેલ છે. જેમા કૃત્રિમ હાથ ૫, કૃત્રિમ પગ ૨૦, કેલીપર્સ ૧૦ તેમજ બીજા અન્ય સાધનો જેવા કે ની-બ્રેસીઝ, સર્વાઈકલ કોલર, હેન્ડ સ્પ્લિન્ટ, કોકઅપ સ્પ્લિન્ટ, સ્પાઈન્ટલ જેકેટ, વાલગસ પેડ, એલ.એસ.બેલ્ટ વિગરે સાધનો બનાવેલ છે. મે માસ દરમ્યાન કુલ ૩ કેમ્પ, ની-બ્રેસના કરવામાં આવેલ છે. જેમાં કોઈમ્બતુર, જબલપુર અને કાકીનાડા મુકામે કેમ્પ થયેલ હતાં, જેમાં આશરે ૧૦૦ લાભાર્થીઓને આશરે ૨૦૦ ની-બ્રેસ તેમજ ૧૫ જેટલા એલ.એલ.બેસ બનાવેલ હતાં.

## (૧૩) બુધવારની જ્ઞાનગોષ્ઠિ :-

તા.૧૭-૩-૨૦૧૬ની બુધસભામાં ભાવનગરના સાહિત્યપેમી શ્રી અજયભાઈ પાઠકે 'લર્નિંગ ડિસેબિલિટી' વિષય પર વકતવ્ય આપેલ. શિખવવાની અક્ષમતા અંતર્ગત ડીસ્લેક્ષિયા, ડીસ્ગાફીયા વગેરે વિશે ખૂબજ સરળ ભાષામાં માર્ગદર્શન આપેલ. એસ.બી.આઈ. ના નિવૃત મેનેજર શ્રી અજયભાઈ સાહિત્યક ક્ષેત્રે વિવિધ પવૃત્તિઓ કરી રહયાં છે. સંસ્થા વતી શ્રી પ્રજ્ઞાબેને તેમનું સ્વાગત કર્યુ હતું. કાર્યકમની આભારવિધિ શ્રી અશોકભાઈએ કરેલ અને કાર્યકમનું સંચાલન શ્રી વિશ્વાબેને કરેલ.

## (૧૪) એક ઉમદા વિચાર... એક સરાહનિય પ્રયાસ :

ભાવનગરના શ્રી અંકિતભાઈ રાજગોરે મુસાફરી દરમ્યાન સંસ્થાના એક શ્રવણમંદ બાળકને તેના વાલી સાથે વાતચીત કરતા જોયો, ત્યારે તેમને આવા જરૂરિયાતવાળા બાળકોને મદદ કરવાનો વિચાર સ્ફૂર્યો. તેઓ સંસ્થામાં આવ્યાં અને પોતાની ભાવના વ્યકત કરી. શાળાનો એક વિદ્યાર્થી અરમાન

પાધરશી જે કુંભારવાડામાં રહે છે અને નબળી આર્થિક પરિસ્થિતી ધરાવે છે, જેના ગત વર્ષના પણ રિક્ષાભાડાના પૈસા રૂા.૬૦૦૦ રિક્ષાવાળાને ચૂકવવાના બાકી હતાં, આ બાળકની વાત અંકિતભાઈને જણાવતાં, તેઓએ આ બાળકનો તમામ ખર્ચ આપવાની તૈયારી બતાવી અને રૂા.૫૦૦૦ રોકડા આપેલ.

### (૧૫) શ્રવણમંદ બાળકોને આર્થિક રીતે સ્વાવલંબન બનાવવા માટે ફોટોગ્રાફી તાલિમ પ્રોજેક્ટ :

ફેબ્રુઆરી-૨૦૧૫થી બધિર બાળકોને ફોટોગ્રાફી શિખવવાનો પ્રોજેક્ટ હાથ ધરાયેલ છે. ભાવનગરના જાણીતાં ફોટોગ્રાફર શ્રી અજય જાડેજા આ માટે તેઓના



બહુમૂલ્ય કેમેરા સાથે અઠવાડિયામાં એક દિવસ નિઃશુલ્ક સેવા આપે છે. ધો.૮,૯,૧૦ના રસ ધરાવતા બાળકો, ઈન્ડોર-આઉટડોર ફોટોગ્રાફીની તાલિમ લઈ રહયાં છે.

## અપીલ

## "કોશિશ થી કામયાબી"ના વાચકોને નમ્ર અપીલ

અમારી સંસ્થા દ્વારા, "કોશિશ થી કામયાબી" મુખપત્રમાં, વિકલાંગોના પુનઃસ્થાપન, શિક્ષણ, સારવારમાં ઉપયોગી માહિતી છેલ્લાં ૫૦ વર્ષથી પ્રકાશિત કરવામાં આવે છે.

આ મુખપત્ર દ્વારા વિકલાંગો, સંસ્થાના શુભેચ્છકો અને દાતાઓને સંસ્થાની પ્રવૃત્તિની માહિતી મળતી રહે છે. આમ, આ મુખપત્ર સંસ્થા અને શુભેચ્છકો વચ્ચે સેતુ છે. તેમાં પ્રકાશિત થતી વિગતો આપના જેવા શુભેચ્છકો વાંચે છે, વિચારે છે અને પ્રતિભાવ આપે છે, તે સંસ્થા માટે ગૌરવની વાત છે.

છેલ્લાં ૨ વર્ષથી આ મુખપત્ર દર માસે નિયમિત પ્રકાશિત કરવામાં આવી રહયું હોઈ, તેના પ્રિન્ટીંગ, પોસ્ટેજ ખર્ચમાં પણ ખૂબ જ વધારો થયો છે. આ ખર્ચને પહોંચી વળવા માટે, નીચેની વિગતે મેમ્બર બની સહયોગ આપવા આપને વિનંતી છે.

ચેક થી સહાય મોકલવા માટે : **Shah K.L. Institute For The Deaf-Bhavnagar** ના નામનો ચેક લખવા વિનંતી છે. મેમ્બરશીપની રકમ સીધી બેંક એકાઉન્ટમાં જમા કરાવવા માટે :

**Bank A/c. No. : 56009006430**
**IFSC Code : SBIN0060009**
**Bank : State Bank Of India, Krishnanagar Branch, Bhavnagar.**

આભાર સહ.

**- અનંત કે. શાહ (બાબાભાઈ)**
તંત્રી

## બહેરાં મૂંગા ક્રિકેટરો માટે BCCI ની આર્થિક મદદ

બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાના નવા ચૂંટાયેલા અનુરાગ ઠાકરે, બોલી અને સાંભળી ન શકતાં ક્રિકેટરો માટે, રૂા. પાંચ કરોડની મદદ કરવાની ખાતરી આપેલ છે.

**(સૌજન્ય : મુંબઈ સમાચાર)**

## કર્મચારીઓના દિવ્યાંગ સંતાનને પેન્શનનો લાભ

ગુજરાત રાજય સરકારે, સરકારી કર્મચારીઓના દિવ્યાંગ સંતાનોને કુટુંબ પેન્શનનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે.

ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારી કે નિવૃત્ત થયેલ અને પેન્શન મેળવતાં કર્મચારીના શારીરિક અથવા માનસિક અશકત હોય તેવા કે અંધત્વ પ્રાપ્ત કરેલ સંતાનને, હવે આજીવન કુટુંબ પેન્શન મળશે.

**(સૌજન્ય : લેટેસ્ટ ફેક્ટ ઇન જનરલ)**



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### (૧) સમર કેમ્પ :

તા.૧/૫ થી તા.૭/૫ દરમ્યાન શાળામાં 'સમર કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ. જેમાં આર્ટ, ક્રાફ્ટ, ડાન્સ, રમત-ગમત વિગેરે પ્રવૃત્તિઓમાં, શાળાના કુલ ૧૩ બાળકોએ ભાગ લીધેલ. જેમાં શાળાના શિક્ષક સર્વ શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, મોનાલીબેન ઉપાધ્યાય, શમીમબેન મકવાણાએ પોતાની સેવા પુરી પાડી, પોતાનો કિંમતી સમય આ વિશિષ્ટ બાળકો માટે ફાળવી, સમર કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.

### (૨) સી.આર.ઈ. પ્રોગ્રામ :



શાળા દ્વારા સંચાલિત ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ દ્વારા, RCI (New Delhi) માન્ય, ત્રિ-દિવસીય CRE પ્રોગ્રામતા. ૨૫/૫ થી તા. ૨૯/૫ દરમ્યાન, નટરાજ કોલેજ ખાતે યોજાયેલ. જેમાં ભાવનગર ઉપરાંત, હરિયાણા રાજયના, તેમજ ગુજરાતના ભાવનગર, જૂનાગઢ, ભૂજ, અમદાવાદ વિગેરે સ્થળોએથી વિવિધ વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કાર્યરત, ૩૦ વિશિષ્ટ શિક્ષકોએ ભાગ લીધેલ. આ CRE પ્રોગ્રામને સફળ બનાવવા શ્રી રેશ્માબેન શાહના માર્ગદર્શન નીચે શ્રી આરીફભાઈ જેઠવા અને ભારતીબેન ભટ્ટે સરાહનીય કામગીરી બજાવેલ.

### (૩) શાળા પ્રવેશોત્સવની ઉજવણી :

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા તા. ૧૬/૬ ના રોજ, શાળા 'પ્રવેશોત્સવ' યોજાયેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની શ્રી ધારાબેન ત્રિવેદી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવેલ. શાળાના આચાર્ય



શ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા, આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત, તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવેલ. તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન શાળામાં નવા પ્રવેશ પામેલ ૨૫ બાળકોને વિધિપૂર્વક તિલક કરી, મોં-મીઠું કરાવીને, શૈક્ષણિક કીટ તેમજ યુનિફોર્મની ભેટ આપી, આ વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી ભગિરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી), સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી હિનાબેન ગળથરીયાએ કરેલ. સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી હરદિપભાઈ કામળિયાએ કરેલ.

### (૪) એક દિવસીય સેમિનાર :



તા. ૯/૭ ના રોજ, **'એસેસમેન્ટ એન્ડ ઈવેલ્યુએશન'** મેથડ

ઉપર, એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમદાવાદ સ્થિત, CRC ખાતેના શ્રી અજીતકુમાર તથા શ્રી રાજેન્દ્રકુમાર દ્વારા, ઉપરોકત વિષય પર વિસ્તૃત, તેમજ રસપ્રદ માહિતી પુરી પાડવામાં આવેલ. આ એક દિવસીય સેમિનારમાં શાળાના સમગ્ર સ્ટાફે સક્રિય ભાગ લીધેલ.

**(૫) દિલ્હી સ્કૂલ વિઝિટ :**

તાજેતરમાં તા.૧૬/૭ થી ૨૨/૭ દરમ્યાન, શાળાના ગવર્મેન્ટ સ્ટાફ તથા થેરાપિસ્ટોએ, દિલ્હી સ્થિત અમરજયોતિ, મનોવિકાસ, સી.એસ.કે.એમ. પબ્લિક સ્કૂલ, નેશનલ ટ્રસ્ટ ફોર હેન્ડીકેપ, એન.આઈ.એમ.એચ. ગવર્મેન્ટ મોડેલ સ્કૂલ, વગેરે સ્કૂલોની મુલાકાત કરેલ.

**(૬) આધાર કાર્ડ :**

તા. ૧૪/૭/૨૦૧૬ ના રોજ શાળાના બાળકો માટે, આધાર




કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના કુલ ૨૩ બાળકોના આધાર કાર્ડ કાઢી આપવામાં આવેલ.



## કેનેડા પ્રવાસના સંસ્મરણો

✍ એચ.પી. રાખશિયા



૮ મે-૨૦૧૬ થી ૮ જૂલાઈ-૨૦૧૬ સુધીનો બે માસનો કેનેડાનો મારો પ્રવાસ ખૂબજ આનંદદાયક રહયો. કેનેડા એક વિકસિત દેશ છે. કુદરતી સંપત્તિથી ભરપૂર, શિક્ષણ અને ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે. હરવા-ફરવાના કુદરતી સૌંદર્યથી સભર સ્થળોની મેં મુલાકાત લીધેલ, જે બાબતો સારી લાગી તેનું ટૂંકમાં વર્ણન કરું છું.

**૧. દાતાશ્રી સાથેની શુભેચ્છા મુલાકાત :** કેનેડામાં આપણી સંસ્થાને સહયોગ કરતાં દાતાઓ, શુભેચ્છકો રહે છે. શ્રી કિશોરભાઈ શુકલા તથા અ.સો.દમયંતિબેન શુકલા, ટોરોન્ટો ખાતે રહે છે. તેઓશ્રી રાજકોટ ખાતે રેલ્વેમાં સર્વિસ કરતાં હતાં. હાલમાં ૮૬ વર્ષથી વધુ ઉંમરના છે. આપણી સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી નથી. પરંતુ આપણી સંસ્થાની કામગીરી અન્ય પાસેથી સાંભળેલ છે. આપણું મેગેઝિન 'કોશિશ થી કામયાબી' ના નિયમિત વાંચક છે. જેઓ એ અત્યાર સુધીમાં સારું એવું ડોનેશન આપણી સંસ્થાને આપેલ છે. તેઓની મેં શુભેચ્છા મુલાકાત લીધેલ. ગયા વર્ષે બાબાપુર (અમરેલી) ખાતે થયેલ હોનારતમાં, પ્રજ્ઞાચક્ષુ શોભનાબેનનું ઘર તણાય ગયેલ, જેની માહિતી આપણાં મેગેઝિન 'કોશિશ થી કામયાબી' ઓકટોબર ૨૦૧૫ માં આપેલ, તે વાંચીને રૂા. ૧૦,૦૦૦/- ની સહાય મોકલેલ. તે બદલ મેં તેમની રૂબરૂ મુલાકાત લઈને સંસ્થા વતી આભારની લાગણી વ્યકત કરેલ. તો તેઓએ ફરીથી શોભનાબેનને આર્થિક મદદ માટે વધુ રૂા. ૧૦,૦૦૦/- નો ચેક તથા આપણી સંસ્થાને રૂા. ૨૫,૦૦૦/- નો ડોનેશનનો ચેક આપેલ. સંસ્થા વતી મેં તેમનો ખૂબ ખૂબ આભાર માનેલ.

**૨. શિક્ષણ :** કેનેડામાં પ્રિ-પ્રાયમરીથી ધો. ૧૨ સુધીનું શિક્ષણ સાવ ફ્રી છે. દરેક વિસ્તારમાં પ્રિ-પ્રાયમરી, પ્રાયમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલો આવેલી છે. જે-તે વિસ્તારના બાળકોને ત્યાંજ એડમિશન મળે છે. શાળાઓ ખૂબજ સ્વચ્છ, ફૂલો, બગીચા, તેમજ ઓછામાં ઓછી બેથી ત્રણ એકરના ક્રિડાંગણ/મેદાન, ગ્રીન ઘાસ લોનવાળું હોય છે. બાળકોને જે વિષયમાં રૂચિ હોય, તે વર્ગશિક્ષક નોંધ કરીને, તેને તે પ્રમાણે પ્રોત્સાહિત કરે છે. સ્કૂલોમાં કોઈ ડ્રેસ કોડ નથી. જેને જે અનુકૂળ હોય તે પ્રમાણે સ્વચ્છ ડ્રેસ પહેરે છે. કોલેજ, એજયુકેશન માટે જે તે વિસ્તારની યુનિ. માં દાખલ થવાનું હોય છે. કોલેજનું શિક્ષણ પુરું થાય તે પહેલાં દરેકને નોકરી મળી જાય છે. બેરોજગારી લગભગ નહીંવત છે. દરેક બાળક જન્મે ત્યારથી દસ વર્ષ સુધી, **ચાઈલ્ડ એલાઉન્સ**, દર માસે સરકાર આપે છે.

**(વધુ આવતા અંકે ...)**

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧ જુન - ૨૦૧૬ થી ૩૧ જુલાઈ - ૨૦૧૬ સુધી
## રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### (35 A.C.)

| | |
|---|---|
| M/S. S. J. Impex - Mumbai | 600000 |
| M/S. Sofotel Infra Pvt. Ltd. - Mumbai | 1100000 |
| M/S. Aarvi Encon Private Limited - Mumbai | 10000 |
| M/S. Hind Corporattion - Mumbai | 25000 |
| M/S. S. J. Impex - Mumbai | 400000 |
| Shri Manoj Pande - New Delhi | 10000 |
| Shri Keshavsinh D.kapadia - Mumbai | 120000 |
| Shri Devanganaben J.desai - Mumbai | 100000 |

### (80-G)

| | |
|---|---|
| Nayab Collector Shree - Devgadh Bariya | 223100 |
| Shri Ilaben Anantrai Shah - Bhavnagar | 2500 |
| M/S. Rotary Club Of Pune University Charitable Trust - Pune | 99000 |
| Dr.jayanti Gurumukhani - Bhavnagar | 2500 |
| Shri Maniben M.gandhi Charitable Trust - Mumbai | 50000 |

### (FCRA)

| | |
|---|---|
| M/S. Heart And Hand For The Handicapped - New York | 264829 |
| M/S. Impact Foundation - U. K. | 1715175 |
| Shri Kishorbhai Shukla And Smt.damayantiben Shukla - Canada | 25000 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (80-G)

| | |
|---|---|
| Shri Sanjaybhai Makawana - Bhavnagar | 5100 |
| Vardhman Seva Sangh - Morbi | 15000 |
| Shri Pravinchandra D Shah & Friends - Bhavnagar | 3000 |
| Shri Chakravartibhai Sharma - Bhavnagar | 5100 |
| Shri Manharbhai Sundarjibhai Kariya - Bhavnagar | 3000 |
| Shri Jayotiben J Patel - Bhavnagar | 11000 |
| Shri Gulabben Gulabchand Chitaliya - Bhavnagar | 7000 |
| Shri Manharbhai S Kariya - Bhavnagar | 5400 |
| Lt.Amulakhbhai Panchand Doshi - Bhavnagar | 1000 |
| H C Shah Charitable Trust - Bhavnagar | 11000 |
| Shri Arunkumar Maganlal Mehta - Surat | 50000 |
| Shri Nikunj Pankajkumar Mehta - Mumbai | 2500 |
| Shri Chandrakant Mulchand Shah - Mumbai | 45000 |
| Lt.Dharmil Rameshbhai Kothari - Mumbai | 7000 |
| Lt. Ajitsinh M Zala-Family - Bhavnagar | 3500 |
| Shri Kiritbhai Bhaidasbhai Sanghavi - Mumbai | 210000 |
| Shri Aditi Agrawal - Bhavnagar | 5000 |
| Shri Ashwin Patel - Bhavnagar | 5000 |
| Shri B.R.Popat & Co. - Bhavnagar | 11111 |
| Shri Bhargav Bhatt - Bhavnagar | 4000 |
| Shri A.S.Parikh & Co. - Bhavnagar | 3000 |
| Shri Jalpesh Vaghela - Bhavnagar | 1000 |
| Shri Jayesh Mehta - Bhavnagar | 5000 |
| Shri Nirmalaben Lakhani - Bhavnagar | 3000 |
| Shri Manojbhai Ganatra - Bhavnagar | 5000 |
| Shri Pareshbhai Bhatt - Bhavnagar | 5000 |
| Shri Parvej Popatia - Bhavnagar | 5000 |
| Shri Rajiv Trivedi - Bhavnagar | 1500 |
| Mohmad Rafiq Sheikh - Bhavnagar | 5000 |
| Shri Sweta Parekh - Bhavnagar | 5000 |
| Shri Tejas Andharia - Bhavnagar | 2000 |
| Renaissance Industries - Bhavnagar | 11000 |
| Shri Jigna Patel - Bhavnagar | 5000 |
| Varni Corporation - Bhavnagar | 2100 |
| Shri Dipesh Patel - Bhavnagar | 1100 |
| Dr.Shri Himanshu Patwari - Bhavnagar | 5500 |
| Pidilite Industries Ltd. - Mumbai | 1000000 |
| Shri Ankitbhai Rajgor - Bhavnagar | 5000 |
| Shri Hardikbhai Lalani - Bhavnagar | 1500 |
| Shri Mansi Sanghavi - Bhavnagar | 1500 |
| Shri Anantrai A Shah(Mafatbhai) - Bhanagar | 1500 |
| Bhavnagar Branch Of Wirc Of Icai - Bhavnagar | 198688 |
| Lt.Jayantilal Nandlal & lt.Dineshbhai - Talaja | 9000 |
| Shri Bankimbhai Navsariwala - Navsari | 1000 |
| Lt.Laduben Dayabhai Donda - Bhavnagar | 5000 |
| Shantamani Enterprise - Bhavnagar | 36000 |
| Bhagat Ranjanben Anandjibhai - Talaja | 1100 |
| Shri Urmilaben Chetanbhai Vora - Bhavnagar | 1100 |
| Shri Bhaveshbhai Jayantilal Sarvaiya - Talaja | 10000 |
| Shri Vimlaben Jayantilal Sarvaiya - Talaja | 5000 |
| Shri Meet Tarunkumar Shah - Mahisagar | 5000 |
| Lt.Babubhai Moradiya - Sendarda | 5000 |
| Shri Chandrakantbhai D Shah - Bhavnagar | 8000 |
| Shri Navin Shah - Mumbai | 10000 |

## KOSHISH THI KAMYABI SUPPORT MEMBER

| | |
|---|---|
| Shri Mansukhlal Amrutlal Khandediya - Ahmedabad | 1000 |
| Shri Kiritbhai A. Rathod - Bhavnagar | 1000 |


## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| Shri Himmatlal Chapshi Shah Cheritable Trust - Bhavnagar | 21000 |
| M/S Anil & Montu Co. - Botad | 5000 |
| Shri Anantrai A Shah (Mafatbhai) - Bhavnagar | 1500 |
| Shri Prakashbhai Delivala - Bhavnagar | 1000 |



# આહલાદક સુગંધ
# વાતાવરણમાં લાવે રંગત...
# તાલ મિલાવે પરસ્પરના સબંધની સંગત...
# તન મન ઝુમી ઉઠે... હર પળ બને મંગલ...




मजा
अगरबत्ती

करोड़पती
अगरबत्ती

સિલ્વર પેકમાં
डेनिम
Flora

SANDAL
Agarbatti

डेनिम
अगरबत्ती

...ઉત્પાદક... **શશી ઇન્ડસ્ટ્રીઝ** ભાવનગર-અમદાવાદ-બેંગ્લોર

email:shashiho@sancharnet.in

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly ◆ Postage stamp in cash




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils.com